# Vyapar

**Edition:** Vadodara | **Date:** 13th February, 2013 | **Page No.:** 02

# વીસીસીઆઇ એક્સ્પોમાં ટોચની કંપનીઓ કરશે સીધી ભરતી

અમારા પ્રતિનિધિ તરફથી

સુરત, તા. ૧૨ ફેબ્રુ. વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (વીસીસીઆઇ) દ્વારા ગુરુવારથી ૧૮મી સુધી યોજાનારા એક્સ્પોમાં એક પેવેલિયન રોજગાર મેળા માટે ફાળવવામાં આવ્યું છે, જેમાં ટોચની કંપનીઓ સીધી ભરતી કરશે.

રોજગાર મેળા વિષે માહિતી આપતાં મહેશ શીતલાનીનું કહેવું છે કે, વીસીસીઆઇએ રોજગાર મેળા માટે એક વેબ પોર્ટલ બનાવ્યું છે. જેમાં તાજા સ્નાતકો, અનુસ્નાતકો અને એમબીએ સહિતના યુવાઓની તમામ વિગત અપડેટ કરી છે. વેબ પોર્ટલને ચાર જ દિવસમાં ૪૦હજારથી વધુ હીટ મળી ચૂકી છે. તેમજ અત્યાર સુધી રોજગાર મેળા માટે પાંચ હજારથી વધુ એન્ટ્રી આવી છે.



**વીસીસીઆઇના જોબ પોર્ટલને ચાર દિવસમાં ૪૦ હજારથી વધુ હિટ મળી**

રોજગાર મેળામાં આદિત્ય બિરલા, એસ્સાર ગ્રુપ, રિલાયન્સ લાઇફ, કોટક, એચડીએફસી, વાસુ હેલ્થ કેર જેવી ટોચની કંપનીઓ ભાગ લેશે. જે બેન્કિંગ, ફાઇનાન્સ, ફાર્મા અને આઇટી જેવાં ક્ષેત્ર માટે યુવાઓની ભરતી કરશે. વીસીસીઆઇ એક્સ્પોમાં લાઇવ ઇન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યાં છે. તેમ જ કંપની તરફથી અત્યારથી સારો પ્રતિસાદ મળ્યો છે તથા લાઇવ ઇન્ટરવ્યુ દરમિયાન જ ઉમેદવારોને ઓફર લેટર મળી જાય તેવી સિસ્ટમ ગોઠવી છે.

રોજગાર મેળામાં ઉચ્ચત્તમ પેકેજ ઓફર થાય તેવી સંભાવના છે. હાલમાં ૫૦૦થી વધુ યુવાઓને નવી રોજગારી મળે તેવી સંભાવના છે.